તળાવ ઉંડા કરવાથી નીકળતી સાદી માટી/સોફ્ટ મોરમ ખનીજોની રોયલ્ટી મુકિત આપવા બાબત..

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એમએમઆર-૧૦૨૦૦૭-૧૬૦-છ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૨૦/૧/૨૦૦૭.

વંચાણે લીધાઃ

(9) ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃએમસીઆર-૨૧૬૮-૭૩૮૦-છ, તા.૧૨-૧૨-૧૯૬૯

(૨) ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃએમસીઆર-૨૧૬૮-૮-૬૬૮૫-છ, તા.૧-૧-૧૯૮૭

(૩) ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃએમસીઆર-૨૧૬૮-૮-૬૫-છ, તા.૨૫-૧-૧૯૯૧

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃએમસીઆર-૧૦૯૭-૨૮૫૬-છ તા. 5-9૧-૧૯૯૭

(૫) માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ એમ્પાવર્ડ કમીટીની તા.૧૮-૬-૨૦૦૪ ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એમએમઆર-૧૧૨૦૦૦-૨૦૧૩-છ, dl. ૧-૯-૨૦૦૪

ઠ રા વઃ

સાદી માટી/મોરમ એ ગૌણ ખનીજ છે. જેના ઉત્ખનન અને નિકાસ માટે ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ હેઠળ સક્ષમ અધિકારી પાસેથી ક્વોરીલીઝ/ક્વોરી પરમીટ મેળવવાની રહે છે. હાલ તળાવો ઉંડા કરવાના આશયથી માટી/મોરમનું ખોદકામ કરવામાં આવે ત્યારે આ નિયમની જોગવાઇઓ લાગુ પડે છે. ગ્રામ પંચાયતો દ્વારા તળાવો ઉંડા કરવાનો આશય પાણી સંગ્રહની ક્ષમતા વધારવાનો અને તેનો ગામના લાભમાં ઉપયોગ કરવાનો છે. ચોમાસાના પાણી ઉપરાંત નર્મદાના પાણીથી પણ તળાવો ગામના લાભપ્રદઉપયોગ માટે ભરવામાં આવતા હોઇ તળાવો ઉંડા કરવાની મંજુરીની પ્રક્રીયા વધુ સરળ બનાવવાની જરૂર છે. સાથે સાથે તળાવો

ઉંડા કરવાથી ઉત્ખનન થતી કાંપ/માટી/મોરમનો ઉપયોગ ગામ લોકો, ગામના ખેડૂતો અને ગ્રામ પંચાયતના વિકાસ લક્ષી કામોમાં થાય તે ઉદ્દેશ છે.

ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ ના નિયમ-૩(૧) અનુસાર રાજય સરકારના વિવિધ ખાતાઓ મ્યુનિસિપાલીટી કે પંચાયતો દ્વારા સામાન્ય અથવા ખાસ હુકમ કે સુચનાથી આવા હેતુ માટે ગૌણ ખનીજના કરવામાં આવતા ખોદકામને ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ ની જોગવાઇ લાગુ પડે નહિ. જે ધ્યાને લઇ આવા ગ્રામ પંચાયત હસ્તકના તથા સિંચાઇ વિભાગ હસ્તકના તળાવોમાં ખોદકામથી મળતી સાદી માટી/સોફ્ટ મુરમના કીસ્સામાં રોયલ્ટી ભરવામાં નીચેની શરતોએ મુક્તિ આપવામાં આવે છે.

(૧) ગ્રામ પંચાયત દ્વારા / સિંચાઇ વિભાગ દ્વારા તેઓ હસ્તકના તળાવ ઉંડા કરવા સાદી માટી/સોફ્ટ મોરમ ખોદકામની આપવામાં આવતી મંજુરીને ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ ના નિયમો લાગુ પડશે નહિ.

(૨) ખોદકામથી ઉત્ખનન થયેલ કાંપ/માટી/મોરમ તળાવની પાળ બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે કે, તેનો ઉપયોગ ગામના લોકો દ્વારા ગામતળમાં કરવામાં આવે કે, ખેડૂતોના ખેતરમાં લઇ જવામાં આવે તો તેના ઉપર રોયલ્ટી લેવાની રહેશે નહિ. તેમજ રાજયમાં આવેલ તળાવો ઉંડા કરવાથી મળેલ માટી, સાદી માટી કે સોફ્ટ મોરમ રાજય અને પંચાયત **હસ્તક** dell સિંચાઇ ખાતાના ડેમ અને નહેરો તથા બાંધકામ ખાતાના રોડ, રસ્તા, બંદરના કામો, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી, સરદાર સરોવર નિગમના તેમજ કેન્દ્ર સરકારના કામોમાં ઉપયોગમાં આવશે તો તે રોયલ્ટીને પાત્ર રહેશે નહિ. "

૩. સિંચાઇ વિભાગ હેઠળના સિંચાઇ માટેના તળાવો ઉંડા કરવા તે વિભાગની પૂર્વ મંજુરી લેવાની રહેશે અને સિંચાઇના માળખાને ક્ષતિ ન પહોંચે તે જોવાનું રહેશે.

આ રોયલ્ટી મુકિતનો ઉદ્દેશ તળાવની પાણી સમાવેશની ક્ષમતામાં વધારો કરવાની, ગ્રામજનોની જરુરીયાત અને ગામના ખેડૂતોને જમીન સુધારણા માટે મદદરૂપ થવા તેમજ ગ્રામ પંચાયતના વિકાસ લક્ષી કામોમાં મદદરૂપ થવાનો છે.

આ ઠરાવ નાણા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી તરફથી ફાઇલ ક્રમાંકઃ સીજીએમ-લીઝ-કયુએલ-સાદી માટી-૧૪ માં તા.૨૦/૧/૦૭ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. આર. મહેતા)
સંયુકત સચિવ(ખાણ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- રાજયકક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને ખાણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્યસચિવશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, રેસકોષ રોડ, વડોદરા.
- સચિવાલયના સર્વે વિભાગો,
- એ.જી. કચેરી, અમદાવાદ અને રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ,
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજનું ખાતું, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(એફ.એસ.), ભુસ્તર વિજ્ઞાન અને ખનિજનું ખાતું, ગાંધીનગર.
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ/મહાલેખાકારશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે અધિક્ષક ઇજનરેશ્રીઓ, જળસંપતિ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા વિભાગ
- સર્વે વન સરંક્ષકશ્રીઓ
- સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીઓ, કલેકટર કચેરી (ખનિજ શાખા)
- પે એન્ડ એકાઉન્ટન્સ ઓફીસર, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.